## એક સમે વ્રજ મંડળમાં

(ફિલ્મઃ ઓખા હરણ)

એક સમે વ્રજ મંડળમાં,
ઘનશ્યામને ગોપીઓ રાસ રમે,
ગર્વ રાધિકાને એની પૂંઠે ત્રિભુવન નાથ ભમે.
હે રૂસણું લઈને બેઠી કે, રાસનાં ઝાંઝ પખાઝ રોકાઈ ગયાં,
બંધ થઇ મુરલીની સુરાવટ,
કાનજી ક્યાંક અલોપ થયા,
ને ગાવા લાગી ગોપી કાન વિના....
હે તારા મુખથી વિખુટી થઈ,
પ્રાણ વિનાની રે વિજોગણ વાંસળી,
હે જેવી રાધા ઝૂરે છે,
ગોકુળ ગામ એકલી રે હરિથી વેગળી.
એક એક પળ મહીં તો,
ચારે ચાર જુગો વિતે.
જમુનાના જળથી વધી, રાધાનાં આંસુ જીતે.
વેણુંના સુર મળે ગોપીના વિરહ ગીતે...
સુણી સુની અરજ અમ અંતરની,
આવ્યા આવ્યા અમારા મોહનજી.
વ્હાલો વાંસળી વગાડે ને રાસ રમાડે,
અંગે અંગો નચાવે નંદ નંદજી.
હે રંગ રસ રમઝટ ગૂંજે છે ઘટ ઘટ
નાગર નટખટ યમુનાને તટ, વૈકુંઠ આવો વનરાવનજી.

------